બિડાણઃ નાયબ સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગનો તા.૨૮.૦૩.૧૪ના પત્ર શેરા ક્રમાંકઃપરચ/૧૩૨૦૧૪/૩૭૨/ મ.૩

વિષયઃ આદર્શ ચૂંટણી આચાર સંહિતા સંદર્ભે – ૨૦૧૪–૧૫ ની યોજનાઓના અમલ બાબત...

---

જા.નં.નકૃયુ/રજી/અ.૩.૩/ ૪૪૫૭ /૨૦૧૪. તાઃ૦૩/૦૪/૨૦૧૪

કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

સામેલઃ નાયબ સચિવશ્રીનો તા.૨૮.૦૩.૨૦૧૪નો પત્ર

<u>નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારું :–</u>

અત્રેની યુનિવર્સિટીના યુનિટ અને સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ માન. કુલપતિશ્રીએ આપેલ રીમાર્કસ અન્વયે કાર્યવાહી થવા વિનંતી છે.

सत्यमेव जयते

જે. બી. વાઘેલા
નાયબ સચિવ

ક્રમાંકઃ પરચ/૧૩૨૦૧૪/૩૭૨/મ-૩,
ગુજરાત સરકાર
કૃષિ અને સહકાર વિભાગ,
બ્લોક નં.૫, પહેલો માળ, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦, ગુજરાત
ફોનઃ ૦૭૯-૨૩૨૫૦૮૦૯

સમયમર્યાદા/ચૂંટણી આચાર સંહિતા

તારીખઃ-૨૮/૦૩/૨૦૧૪

પ્રતિ,

- સર્વે અધિકારીશ્રીઓ, કૃષિ અને સહકાર વિભાગ.
- સર્વે ખાતાના વડા/બોર્ડ/નિગમ/કૃષિ યુનિ.
- સર્વે સેકશન અધિકારીઓ, કૃષિ અને સહકાર વિભાગ.

વિષયઃ- આદર્શ ચૂંટણી આચાર સંહિતા સંદર્ભે-૨૦૧૪-૧૫ ની યોજનાઓના અમલ બાબત.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વે આજ્ઞાનુસાર જણાવવાનું કે વર્ષ ૨૦૧૪-૧૫ ની યોજનાઓને વહીવટી મંજૂરી આપવાની કાર્યવાહી હાલમાં ચાલુ છે તે અંગેની દરખાસ્તો આ વિભાગની સંબંધિત શાખાઓને સત્વરે મોકલી આપવા વિનંતી છે. આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી સંદર્ભમાં તા.૫-૩-૨૦૧૪ થી આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે, જે અંગે રાજયના મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીએ બહાર પાડેલ તા.૫-૩-૨૦૧૪ નો પરિપત્ર સંબંધિત સર્વેને મોકલવામાં આવેલ છે. આચાર સંહિતાના અનુસંધાને ભારત સરકારના કૃષિ મંત્રાલયના કૃષિ અને સહકાર વિભાગના સચિવશ્રીએ કૃષિ ખાતાને સંબંધિત યોજનાઓના અમલ બાબતે ઇલેકશન કમિશન ઓફ ઇન્ડીયાને તા.૧૨-૩-૨૦૧૪ ના અ.સ.પત્રથી દરખાસ્ત કરેલ, તે સંદર્ભે ઇલેકશન કમિશન ઓફ ઇન્ડીયાએ દરેક કેસમાં ગુણદોષના ધોરણે નિર્ણય લેવા રાજયના મુખ્ય ચૂંટણી અધિકારીને અધિકૃત કર્યા છે. આ બાબતનો રાજયના મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી, ગાંધીનગરનોતા.૨૫-૩-૨૦૧૪ નો પત્ર તેના બિડાણ સહિત આ વિભાગના તા.૨૬-૩-૨૦૧૪ ના સમાનાંકી પત્રથી મોકલવામાં આવેલ છે તેમાંની વિગતો ધ્યાને લઇ જે યોજનાઓમાં ખરીફ ૨૦૧૪ ની સીઝનને ધ્યાનમાં રાખીને કામગીરી તા.૧-૪-૨૦૧૪ થી એટલે કે આચાર સંહિતાના અમલ દરમ્યાન જ શરૂ કરવાની અનિવાર્ય હોય તેવી યોજનાઓનો અમલ તા.૧-૪-૨૦૧૪ થી શરૂ કરવા માટે રાજયના મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીની મંજૂરી મેળવવાની થાય છે તો આવી યોજનાઓ સંદર્ભે સામાન્ય વહીવટ વિભાગના તા.૫-૩-૨૦૧૪ ના પરિપત્ર સાથે મોકલવામાં આવેલ ચેકલીસ્ટમાં ટૂંકમાં સ્પષ્ટ વિગતો દર્શાવીને દરખાસ્તો આ વિભાગની સંબંધિત શાખાને મોકલવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

( જે. બી. વાઘેલા )
નાયબ સચિવ
કૃષિ અને સહકાર વિભાગ

બિડાણઃ- ઉપર મુજબ.

Uploaded on website

perusal to Hon'ble V.C.

A-3-3

29 MAR 2014

Circulate to DR/DE/ Unit Heads